ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, ખેડા જિલ્લામાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ: ગ્રામ્ય વિસ્તાર ગળાડૂબ પાણીમાં, ડાંગરના પાકને વ્યાપક નુકસાનની ભીતિ

નડિયાદમાં ગણતરીના કલાકોમાં ૫ ઈંચ વરસાદ પડ્યો

તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

મુખ્ય ગરનાળામાં ૧૨ ફૂટ પાણી ભરાતા પૂર્વ-પશ્ચિમનો સંપર્ક કપાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાં આજે મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા માત્ર ગણતરીના કલાકોમાં ૨૦૧ મિલીમીટર એટલે કે ૫ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબક્યો છે. આ અનરાધાર વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો નદીમાં ફેરવાયા છે અને નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણથી કેડસમા પાણી ભરાઈ જતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે.

નડિયાદ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા ત્રણેય મુખ્ય ગરનાળામાં ૧૦ થી ૧૨ ફૂટ જેટલા પાણી ભરાઈ જતાં તેને વાહનવ્યવહાર માટે તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યા છે. રસ્તાઓ પર પાણીનું સ્તર વધતા ટુ-વ્હીલર્સ અને નાના વાહનો બંધ પડી રહ્યા છે, જેના કારણે લોકોને ટ્રેક્ટર કે મોટા વાહનોનો સહારો લેવાની નોબત આવી છે.

નડિયાદ શહેરના લઘુભાઈનું છીંડું અને કોલેજ રોડ જેવા વિસ્તારોમાં કેડસમા પાણી ભરાયા છે. અનેક ઘરો અને દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી જતાં સ્થાનિક રહીશો પોતાની ચીજવસ્તુઓ બચાવવા મથામણ કરી રહ્યા છે. આ ભારે વરસાદ અને પવનને કારણે એક મોટું વૃક્ષ ધરાશાયી થતા બે વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ પહોંચી છે.

આ પરિસ્થિતિનો તાગ મેળવવા નડિયાદ મનપાના અધિકારીઓનો કાફલો રસ્તા પર ઉતર્યો છે અને જેસીબી તથા પંપ દ્વારા તાત્કાલિક પાણીના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી છે.

વસોમાં ૯.૫ ઇંચ વરસાદથી કમરડૂબ પાણી ભરાવા છતાં અધિકારીઓ ગુમ !

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

ખેડા જિલ્લામાં મેઘરાજાએ બીજા રાઉન્ડમાં ધબધબાટી બોલાવતા સમગ્ર જિલ્લો પાણી-પાણી થઈ ગયો છે. ખાસ કરીને વસો પંથકમાં આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાતા માત્ર થોડા જ કલાકોમાં 9.5 ઈંચ વરસાદ ખાબક્યો હતો. નીચાણવાળા વિસ્તારોમાં કમર સુધીના પાણી ભરાઈ ગયા છે અને લોકોના ઘરોમાં પાણી ઘૂસી જવાથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. એક તરફ કુદરતનો પ્રકોપ છે, તો બીજી તરફ તંત્રની નિંભરતા સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની રેડ એલર્ટની આગાહી વચ્ચે સમગ્ર જિલ્લામાં મેઘમહેર આફત બનીને વરસી રહી છે.

વસોમાં વહેલી સવારથી તૂટી પડેલા વરસાદને કારણે મુખ્ય માર્ગો નદીમાં ફેરવાઈ ગયા હતા. વસો ગ્રામ પંચાયતના મકાનમાં પણ પાણી ઘૂસી જતા વહીવટી કામગીરી ઠપ થઈ ગઈ હતી. સ્થાનિક રહીશો રાજેશ બારૈયા અને લીલાબેન ચૌહાણના જણાવ્યા મુજબ, દર વર્ષે પાણી ભરાવાની સમસ્યા હોવા છતાં કોઈ જનપ્રતિનિધિ કે અધિકારી તેમની મુલાકાતે આવતા નથી. ખારી કુઈ અને કાછિયા પોળ જેવા વિસ્તારોમાં લોકોએ એકબીજાની મદદથી દિવસ પસાર કરવો પડ્યો હતો.

નડિયાદ, માતર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. માતરના ભલાડા, પરીએજ અને લીંબાસી પંથકમાં ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. તૈયાર થયેલો ડાંગરનો પાક કોહવાઈ જવાની કે ધોવાઈ જવાની શક્યતાને પગલે ખેડૂતોમાં ભારે ચિંતા વ્યાપી છે.

તાલુકો વરસાદ

વસો	૯.૫ ઈંચ
નડિયાદ	૭.૯ ઈંચ
મહુધા	૫.૨ ઈંચ
મહેમદાવાદ	૩.૭ ઈંચ
કઠલાલ / ખેડા	૩.૪ ઈંચ
માતર	૩.૩ ઈંચ
કપડવંજ	૧.૫ ઈંચ

આણંદ એસપી કચેરી પાસે ડૂબી જતા બાળકીનું મોત

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદ શહેરમાં જિલ્લા પોલીસ વડાની કચેરી પાસેથી પસાર થતાં કાંસમાં ડૂબી જતાં બાળકીનું મોત નિપજ્યું હતું.

આણંદમાં એસપી ઓફિસ પાસેથી ધોધમાર વરસાદના પગલે ધસમસતા પાણીમાં અચાનક 3 બાળકો ખેંચાયા હતાં અને નજીકના કાંસમાં ડૂબવા લાગ્યાં હતાં. જોકે, આસપાસના લોકોએ તુરંત દોડીને 2 બાળકોને બચાવી લીધાં હતાં. જ્યારે એક 11 વર્ષિય બાળકી પ્રીતીબેન સોલંકીનો કોઇપત્તો લાગ્યો નહતો. આ અંગે ફાયર બ્રિગેડને જાણ કરતાં ટીમ સ્થળ પર પહોંચી

હતી અને બચાવ કામગીરી કરી હતી. જોકે, પ્રિતીને બહાર કાઢી 108માં હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબિબે મૃત્યુ પામેલી જાહેર કરી હતી. આ અંગે આણંદ ટાઉ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો.

આણંદ જિલ્લામાં વ્હેલી સવારથી મેઘોમંડાયો, ધમાધમ વરસાદના પગલે જળબંબાકારથી એકાકાર થયુ

આણંદમાં અષાઢ અનારાધ વરસ્યો

આણંદમાં રેડ અલર્ટ વચ્ચે વરસાદનું જોર વધતાં તંત્ર સતત દોડતું રહ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદ જિલ્લામાં 'રેડ અલર્ટ' વચ્ચે વ્હેલી સવારથી જ વરસાદનું જોર વધ્યું હતું. એકાદ બે વિરામને બાદ કરતાં દિવસભર વરસાદના જોરદાર ઝાપટા ચાલુ રહ્યાં હતાં. જેના કારણે વ્હેલી સવારે છ કલાકથી સાંજના ચાર કલાકના ગાળામાં છ ઈંચ જેવો ભારે વરસાદ પડ્યો હતો. આ વરસાદથી માત્ર

જનજીવન જ ઠપ થઈ ગયું હતું. સાથોસાથ તંત્રની પણ પોલ ખુલી ગઈ હતી.

આણંદ શહેરમાં ભારે વરસાદના પગલે નિચાણવાળા વિસ્તાર જ નહીં, ઉંચાણવાળા વિસ્તારમાં પણ પાણી ભરાઈ ગયાં હતાં. નિચાણવાળા વિસ્તારમાં કેડ સમા પાણી ભરાયા હતાં. ખાસ કરીને પૂર્વ વિસ્તારમાંથી પસાર થવુ મુશ્કેલ બની ગયું હતું અને રહિશોની સ્થિતિ કફોડી બની ગઇ હતી. તેવી જ રીતે લોટીયા ભાગોળ વિસ્તાર, ગામડીવડ વિસ્તારમાં પણ ગોઠણ સમા પાણી ભરાયાં હતાં. આ વરસાદના પગલે તંત્ર સતત દોડતું જોવા મળ્યું હતું. ઠેર ઠેર ઝાડ પડવાના કારણે ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ હતી.

આણંદ જિલ્લામાં વરસાદ

(સવારના ૬થી સાંજના ૬ સુધી)

ખંભાત	૧૯૨ મિમી
બોરસદ	૧૮૪ મિમી
પેટલાદ	૧૭૨ મિમી
આણંદ	૧૫૫ મિમી
સોજિત્રા	૧૩૭ મિમી
તારાપુર	૧૧૮ મિમી
ઉમરેઠ	૫૬ મિમી
આંકલાવ	૪૭ મિમી

તારાપુરમાં સાબરમતી નદીમાં યુવાને ઝંપલાવ્યું

(પ્રતિનિધિ) પેટલાદ તા.૩૧

તારાપુર તાલુકાના ગલિયાણા ગામે શુક્રવારે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં વટામણના એક યુવાને સાબરમતી નદીના ઉછળતા પાણીમાં પડતું મૂક્યું હતું. હાલમાં પડી રહેલા ભારે વરસાદને કારણે નદીમાં પાણીનો પ્રવાહ અત્યંત ઝડપી હોવાથી યુવાન ક્ષણભરમાં જ લાપતા થઈ ગયો હતો.

પ્રાથમિક તપાસ અને નદીના વહેણને જોતા એવી પ્રબળ શક્યતા સેવાઈ રહી છે કે, પાણીના તેજ પ્રવાહમાં યુવાન તણાઈને ખંભાતના દરિયાઈ પંથક તરફના ગામો બાજુ જતો રહ્યો છે. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું અને ગુમ થયેલા યુવાનની શોધખોળ કરવા માટે એનડીઆરએફની ટીમને કામે લગાડવામાં આવી છે. આ યુવાન વટામણ ગામનો રહેવાસી હતો. આ ઘટનાની જાણ થતા જ યુવાનના પરિવારજનો પણ ગલિયાણા ખાતે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, જેના કારણે નદી કિનારે કરુણ દ્રશ્યો સર્જાયા હતા. આ સમગ્ર મામલે તારાપુર પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધવામાં આવી છે અને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કરમસદ-આણંદ મનપાના શાસકોનો સત્તાપ્રેમ : રેડ એલર્ટ છતાં ચેરમેનની નિમણૂંક માટે સભા યોજી

આણંદમાં ૭૬ કરોડના પાણી અને ઓફિસ રિનોવેશના ૩.૫ કરોડ મંજુર

પદાધિકારીઓના માનદ વેતન અને લાખોના પર્સનલ ખર્ચ પર વાગશે મંજૂરીની મહોર

શહેરના વિકાસ માટે 22 મહત્વના મુદ્દાઓ પર જનરલ બોર્ડમાં ફેંસલો થયો

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

કરમસદ-આણંદ મનપાની પ્રથમ સામાન્ય સભા શુક્રવારના રોજ મળી હતી. જેમાં શહેરના ભાવિ વિકાસ અને વહીવટી માળખાને લઈને કરોડો રૂપિયાના આયોજનો રજૂ કરવામાં આવશે. આ સભામાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર પદાધિકારીઓના પગાર-ભથ્થા અને સુવિધાઓનો હતો. જેની સાથે શહેરના નવા ભળેલા વિસ્તારોમાં પાયાની સુવિધાઓ માટે પણ જંગી બજેટ ફાળવવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપાના ચૂંટાયેલા સભ્યો માટે માસિક 7,000 રૂપિયાનું માનદ વેતન અને વિવિધ ભથ્થાઓ મળીને માસિક આશરે 13,000 રૂપિયા સુધીનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યાં હતાં. એટલું જ નહીં, મેયર માટે વાર્ષિક 2 લાખ અને ડેપ્યુટી મેયર તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન માટે 1-1 લાખ રૂપિયાનો આકસ્મિક ખર્ચ

(કન્ટિજન્સી) પણ નક્કી કરાયો છે. બીજી તરફ, પાલિકાની કચેરીઓને આધુનિક અને ડિજિટલ બનાવવા માટે 3.50 કરોડ રૂપિયાના ખર્ચે રિનોવેશન કરવાની દરખાસ્ત પણ મુકાઈ હતી. જે બહુમતી મજુર થયાં છે.

કરમસદ - આણંદ મનપામાં સમાવિષ્ટ જીટોડિયા, મોગરી અને લાંભવેલ જેવા વિસ્તારોમાં પાણીની વર્ષો જૂની સમસ્યાના ઉકેલ માટે 76.69 કરોડ રૂપિયાનો માતબર ખર્ચ કરીને નવી પાઈપલાઈન નેટવર્ક અને ટાંકીઓ બનાવવામાં આવશે. આ ઉપરાંત, શહેરના ગૌરવપથ (આઈકોનિક રોડ) માટે 15 કરોડની ગ્રાન્ટનું આયોજન પણ આ સભામાં મંજૂર કરવામાં આવ્યું છે. આમ, સામાન્ય સભામાં વિકાસના નામે કરોડોના ખર્ચની સાથે પદાધિકારીઓની સુવિધાઓ પર વધુ ભાર મૂકવામાં આવ્યો હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું હતું.

કરમસદ - આણંદ મનપા દ્વારા જાહેર રસ્તા પર ગંદકી કરનારા વેપારીઓ અને નાગરિકો પાસેથી દંડ વસૂલવા માટે નવા 'પબ્લિક હેલ્થ બાયલોઝ' અમલી બનાવવામાં આવશે. બાંધકામનો કચરો (C|D વેસ્ટ) ગમે ત્યાં ફેંકનારા સામે કડક કાર્યવાહી કરી દંડ વસૂલવા અને તેના પ્રોસેસિંગ માટે નવા પ્લાન્ટની સ્થાપના કરવાની દિશામાં પણ મહત્વનો નિર્ણય લેવાયો હતો.

આણંદ શહેરમાં વધી રહેલા શ્વાનના ત્રાસને ડામવા માટે 'એનિમલ બર્થ કંટ્રોલ' હેઠળ શ્વાનની ગણતરી (ડોગ સેન્સસ) કરવા 6 લાખ રૂપિયાનો ખર્ચ મંજૂર કરાયો હતો.

કોર્પોરેટરોને શું મળશે? (માસિક અંદાજિત)

માનદ વેતન:	7,000
ટેલિફોન ભથ્થું:	1,000
સ્ટેશનરી ભથ્થું:	1,500
મીટિંગ દીઠ ભથ્થું:	2,500

કઇ કમિટીમાં કોણ ચેરમેન બન્યું ?

નિશિત (બુધાજી) શરકુમાર પટેલ	બાંધકામ કમિટી
મયુરભાઈ જગદીશભાઈ પટેલ	સેનેટરી કમિટી
મહેન્દ્રસિંહ મથુરભાઇ સોલંકી	ડ્રેનજ કમિટી
પ્રિતીબહેન સુનીલકુમાર શાહ	ટાઉન પ્લાનીંગ કમિટી
કૃતિકાબહેન સૌમિલભાઇ પટેલ	આરોગ્ય કમિટી
મયુરીબહેન નલીનભાઈ પટેલ	દિવાબત્તી કમિટી
રોહિતકુમાર કુંદનસિંહ વાઘેલા	બાગ-બગીચા કમિટી
કિરણસિંહ રામસિંહ પરમાર	વોટર વર્કસ કમિટી
ભાવેશકુમાર મોહનલાલ સોલંકી	ગૃહનિર્માણ કમિટી
જયંતીભાઈ સોમાભાઈ ચૌહાણ	કાયદો અને મહેકમ કમિટી

ખેડા જિલ્લા પોલીસ એક્ટિવ મોડમાં રહી

(પ્રતિનિધિ) ખેડા તા.૩૧

ખેડા જિલ્લામાં વરસી રહેલા સતત ભારે વરસાદને પગલે જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર સંપૂર્ણપણે એક્ટિવ મોડમાં કાર્યરત થયું છે. ખેડા તાલુકાના નાની કરોલી, મોટી કરોલી, રસિકપુરા, ગોકળપુરા અને સાબરમતી નદીના કાંઠાના ગામોની નાયબ પોલીસ અધિક્ષક કુણાલ રાઠોડ અને પ્રાંત અધિકારી સુરજ બારોટ સહિતના અધિકારીઓએ સંયુક્ત મુલાકાત લીધી હતી. અધિકારીઓએ ગ્રામજનો અને સરપંચો સાથે બેઠક યોજી, સંભવિત પૂરની સ્થિતિ સામે સતર્ક રહેવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી હતી. આપત્તિ સમયે રાહત-બચાવ કામગીરી માટે ટીમો સજ્જ રાખવામાં આવી છે.

આણંદ શહેરમાં મિત્રની હત્યા કરનારા શખસની ધરપકડ કરાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદ શહેરના રેલવે સ્ટેશન સામે આવેલી જૂની શાક માર્કેટ પાછળના ફ્રૂટ માર્કેટમાં બુધવારે બપોરે એક ભયાનક હત્યાકાંડ સર્જાયો હતો. મજૂરી કામ કરવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારમાં એક વૃદ્ધે તેના જ મિત્ર પર ચપ્પા વડે જીવલેણ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. જોકે, પોલીસે ગણતરીના કલાકોમાં જ હત્યારાને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની વિગત મુજબ, આણંદના પરીખ ભુવનમાં રહેતા રમેશભાઈ બાલકદાસ ગોસાઈ (ઉ.વ. 45) બુધવારે બપોરે સવા ત્રણ વાગ્યાના સુમારે ફ્રૂટ માર્કેટમાં અન્ય સાથીદારો સાથે ફ્રૂટ અનલોડિંગનું કામ કરી રહ્યા હતા. તે જ સમયે તેમના પરિચિત કાંતિભાઈ દેસાઈભાઈ ઠાકોર (ઉ.વ. 63) ત્યાં આવી પહોંચ્યા હતા. કાંતિભાઈએ "તું મને મજૂરી કામ માટે લીધા વગર કેમ આવી ગયો?" તેમ કહી ઉશ્કેરાઈને રમેશભાઈ સાથે ઝઘડો શરૂ કર્યો હતો.

આ તકરાર ઉગ્ર બનતા કાંતિ ઠાકોરે પોતાની પાસે સંતાડેલું ચપ્પુ કાઢી રમેશભાઈ પર અચાનક હુમલો કરી ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાઓને કારણે રમેશભાઈનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું અને આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

આણંદ ટાઉન પોલીસની સર્વેલન્સ સ્કોડે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોના નેટવર્કની મદદથી તપાસ તેજ કરી હતી. પોલીસને બાતમી મળી હતી કે આરોપી ગામડી રોડ તરફ જઈ રહ્યો છે, જેના આધારે ઘેરાબંધી કરી ગરનાળા નજીક સંતોષીમાતાના મંદિર પાસેથી કાંતિ ઠાકોરને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે હાલ આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઠાસરાના નનાદરા ગામમાં મકાનની દીવાલ ધરાશાયી થતાં વૃદ્ધનું કમકમાટીભર્યું મોત

ઠાસરાના નનાદરામાં દીવાલ ધરાશાયી થતાં વૃદ્ધનું મોત

પરમાર ફળિયાના 66 વર્ષીય વૃદ્ધ કાટમાળ નીચે દબાયા; હોસ્પિટલમાં દમ તોડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

ખેડા જિલ્લામાં વરસી રહેલા ભારે વરસાદે ઠાસરા તાલુકાના નનાદરા ગામમાં એક ગોઝારી ઘટના સર્જી છે. આજે સવારે મકાનની દીવાલ અચાનક ધસી પડતા કાટમાળ નીચે દટાઈ જવાથી એક 66 વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું છે. આ દુર્ઘટનાને પગલે મૃતકના પરિવારમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઠાસરાના નનાદરા ગામે પરમાર ફળિયામાં રહેતા મોહનભાઈ શંકરભાઈ પરમાર (ઉ.વ. 66) આજે સવારે પોતાના ઘરમાં હાજર હતા ત્યારે ભારે વરસાદને કારણે મકાનની એક દીવાલ કડાકાભેર ધરાશાયી થઈ હતી. આ અકસ્માતમાં મોહનભાઈ દીવાલના કાટમાળ નીચે ગંભીર

રીતે દબાઈ ગયા હતા.

ઘટનાનો અવાજ સાંભળી આસપાસના ગ્રામજનોએ તુરંત દોડી આવી ભારે જહેમત બાદ તેમને બહાર કાઢ્યા હતા. ગંભીર રીતે ઘાયલ મોહનભાઈને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સઘન સારવાર મળે તે પહેલા જ ગંભીર ઈજાઓને કારણે તેમનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગેની જાણ થતાં જ ઠાસરા પોલીસની ટીમ હોસ્પિટલ પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માતે મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કુદરતી આફતમાં પરિવારનો મોભી છીનવાઈ જતાં સ્થાનિકોએ મૃતકના પરિવારને સરકાર દ્વારા સત્વરે આર્થિક સહાય આપવામાં આવે તેવી માંગ કરી છે.